# નગરામા પ્રદૂષણ ફેલાવતી ફેકટરી મામલે આજુબાજુના ગ્રામજનો આકરા પાણીએ



નગરામા - ત્રાણજાની સીમામાં ક્લસ્ટર એન્વાયર પ્રા. લિ. નામની કંપની (સોલીડ વેસ્ટ પ્રોસેસ કરવા માટેની ફેક્ટરી) જ્યાં બહારથી સોલીડ વેસ્ટ લાવી ઢગલો કરી પ્રોસેસીંગનું કામ ચાલુ કર્યું છે. આ ફેક્ટરીની આજુબાજુના ગામો નગરામા, ત્રાણજા, અસલાલી, લીંબાસી, મરાલા, ગાયત્રીનગર, માલાવાડા, માછીએલ તેમજ અન્ય ગામોમાં સખત દુર્ગંધ ફેલાઈ ગઈ છે. તેના વિરોધમાં ખેડા જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, ધારાસભ્ય કેશરીસિંહ સોલંકી તેમજ પૂર્વધારાસભ્ય રાકેશ રાવને આવેદન પત્ર આપી રહેલા સરપંચશ્રીઓ તેમજ અગ્રણીઓ. (તસવીર : રાજુ મહંત, નડિયાદ.)

(બ્યુરો) નડિયાદ, તા.૧૨

માતરના નગરામા-ત્રાણજા ગામની સીમમાં આવેલ પ્રદૂષણ ફેલાવતી સોલીડ વેસ્ટ પ્રોસેસની ફેક્ટરી મામલે આજુબાજુના અસરગ્રસ્ત દસ ઉપરાંત ગામના ગ્રામજનોએ આજે જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી જો ફેક્ટરી દ્વારા ફેલાવતા પ્રદુષણ પર રોક લગાવામાં નહી આવે તો આગામી દિવસોમાં યોજાનાર ખેડા જીલ્લાની ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી છે જેના પગલે તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

જેના પગલે અસરગ્રસ્ત ગામ ગ્રામજનો દ્વારા આ અંગે અવાજ ઉઠાવવામાં આવ્યો હોય છતાં તંત્ર રાજકીય વગ ધરાવતા ફેકટરી સંચાલકની શેહમાં આવી ગયું હોય તેમ કોઈજ કાર્યવાહી કરતું નથી. જેથી આ તમામ ગામના લોકો માટે જીવવું દોહલું બની ગયું છે.

દરમ્યાન આ ફેક્ટરી દ્વારા ફેલાતા પ્રદૂષણથી અસરગ્રસ્ત થતા નગરામા-ત્રાણજા, અસલાલી, લીંબાસી સહિતના ગ્રામજનોએ આજે જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી

## અસરગ્રસ્ત ગામના ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જિલ્લા પંચાયત ચૂંટણીનો બહીષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી

માતરના નગરામા-ત્રાણજા ગામની સીમમાં સોલીડ વેસ્ટના પ્રોસેસ કરવા માટેની ક્લસ્ટર એન્વાયર પ્રા. લી. કંપની ફેક્ટરી આવેલ છે. આ ફેક્ટરી દ્વારા ફેલાતા પ્રદૂષણને લઈ આજુબાજુના નગરામા, ત્રાણજા, અસલાલી, લીંબાસી, મરાલા, ગાયત્રીનગર, માલાવાડા, માછીયેલ, કઠોડા, રણાસર તેમજ નાંદોલી સહીતના ગામોને અસર પહોંચી છે. ફેક્ટરીમાં ખડકાતા સોલીડ વેસ્ટના ઢગને લઈ આ તમામ ગામોમાં ભારે દુર્ગંધ ફેલાય છે. જણાવ્યું છે કે ફેક્ટરીના કારણે અસરગ્રસ્ત ગામના ગ્રામજનોને શ્વાસ લેવો તકલીફ કારક બની જવાની સાથે ગ્રામજનો ગળાના રોગનો ભોગ બની રહ્યા ઉપરાંત તેઓના આરોગ્ય પર ખુબ માઠી અસર થઈ રહી છે. અસરગ્રસ્ત ગામોનો મુખ્ય વ્યવસાય પશુપાલન હોય ફેક્ટરીના પ્રદૂષણને લઈ પશુઓના દૂધ ઉત્પાદન પર પણ અસર પહોંચી છે. ઉપરાંત આ અંગે સમયસર પગલાં નહીં ભરાય તો ગ્રામજનોના પશુ બીમાર કે મૃત્યુ પામવાની પણ શક્યતા રહેલી છે.

ઉપરાંત આ સોલીડ વેસ્ટ ફેક્ટરીની બાજુમાં જ વિસ્તારના ૩૪ ગામોને પાણી પુરવઠો પહોંચાડવાની ટાંકી આવેલી છે. જો આ ફેકટરીનુ કેમીકલ પાણીમાં ભળી જાય તો ૩૪ ગામના લોકોના સ્વાસ્થ્ય ઉપર અસર થવાની ભીતી પણ ઉભી થઈ છે.

ત્યારે હાલ ફેકટરીમાં ખડકાયેલ સોલીક વેસ્ટના મોટા ઢગને તુરંત હટાવા કંપનીને આદેશ આપી અમારા સ્વાસ્થ્ય રહેવાના કાયદાએ આપેલ અધિકારીનું રક્ષણ કરવામાં આવે તેમ આવેદન પત્રમાં ગ્રામજનોએ જણાવી જો આનું ત્વરીત નિરાકરણ નહી થાય તો ગ્રામજનો દ્વારા નાછુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે અને અસરગ્રસ્ત ગ્રામજનો દ્વારા આગામી દિવસમાં યોજનાર ખેડા જીલ્લા પંચાયતની ચૂંટણીનો બહીષ્કાર કરશે તેવી ચીમકી પણ ગ્રામજનોએ આવેદન પત્રમાં ઉચ્ચારવાની સાથે જો આ અંગે કોઈ જ કાર્યવાહી નહીં થાય તો મામલાને કોર્ટમાં પડકારવાની વાત પણ ગ્રામજનોએ આવેદન પત્રમાં કરી છે.

જેના પગલે જીલ્લા વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

○ ○ ○ ○ ○ ○

# તારાપુરમાં ૭૫ હજારની ચોરી

આણંદ, તા.૧૨

તારાપુરની સેન્ડલવુડ સોસાયટીમાં એક બંધ મકાનમાં તસ્કરોએ તીજોરી તોડીને રૂા. ૭૫ હજારની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

તારાપુરના મોરજ રોડ ઉપર આવેલ સેન્ડલવુડ સોસાયટીમાં રહેતા પ્રકાશબેન હર્ષદકુમાર સોલંકી શીવરાત્રીના કારણે પોતાના પરિવાર સાથે આદરૂજ ગામે ગયા હતા.

રાત્રીના સમયે બંધ મકાનનો લાભ લઈને તસ્કર ટોળકીએ મકાનના તાળા તોડીને અંદર પ્રવેશી તીજોરી તોડી હતી. તેમાંથી સોનાની ચેઈન, બુટ્ટીઓ, ચાંદીના છડા તથા ૨૨,૫૦૦ ની રોકડ રકમ મળીને કુલ ૭૫ હજારની મતાની ચોરી કરી હતી. સવારે ઘેર પરત આવેલા પ્રકાશબેનને ચોરીની જાણ થતાં તારાપુર પો.મથકે ફરીયાદ નોંધાવી હતી.

# ચકલાસી નજીકથી બાઈક ચોર ઝડપાયો

(બ્યુરો) નડિયાદ, તા.૧૨

ચકલાસી નજીક ભાલેજ રોડ પરથી ખેડા એલ.સી.બી. પોલીસે એક બાઈકચોરને સાવલીથી ચોરીના બાઈક સાથે ઝડપી પાડી હાથ ધરેલ પુછપરછમાં તેણે અન્ય બાઈકની પણ ચોરી કરી હોવાનું કબુલતાં પોલીસે તે બાઈક પણ કબ્જે કર્યુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડા એલ.સી.બી. પોલીસે ચકલાસીના ભાલેજ રોડ પરથી યુવરાજ ઉર્ફે ઉલીયો વિક્રમ મહીડા (રહે. નટવરનગર સાવલી જી.વડોદરા)ને સાવલી ખાતે ચોરેલ બાઈક સાથે ઝડપી પાડ્યો હતો.

બાદ પોલીસે બાઈક ચોર યુવરાજ ઉર્ફે ઉલીયાની હાથ ધરેલ પ્રાથમિક પૂછપરછ વીસ દિવસ પૂર્વે તેણે મંજુસર ખાતે પણ એક બાઈક ચોરાયું હોવાનું કબુલતાં પોલીસે તે બાઈક પણ કબ્જે લીધું હતું.

દરમ્યાન ખેડા એલ.સી.બી. પોલીસે બાઈકચોર ઉલીયાને વડોદરા ગ્રામ્ય પોલીસના હવાલે કરવાની તજવીજ હાથ ધરી છે.

○ ○ ○ ○ ○ ○

# નડિયાદ ડેરી રોડ પરની શાન્તી સોસાયટીના બે મકાન પર તસ્કરો ત્રાટક્યા

(બ્યુરો) નડિયાદ, તા.૧૨

નડિયાદ સંતરામ ડેરી રોડ પર આવેલ શાન્તી સોસાયટી સ્થિત બે મકાન પર ત્રાટકેલ તસ્કર ગેંગ અડધા લાખની મતા ચોરી ગયાના બનાવના ગયેલ ભયભીત ગયેલ સોસાયટીના રહીશોએ રાત્રી પેટ્રોલીંગ વધારવા માટે નડિયાદ પશ્ચિમ પોલીસને લેખીત રજૂઆત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નડિયાદ સંતરામ ડેરી રોડ પર આવેલ શાંન્તી સોસાયટી સ્થિત બે મકાનને તસ્કર ગેંગે ગત રાત્રિના નિશાન બનાવ્યા હતા. એક બાદ એક મકાન પર ત્રાટકેલ તસ્કરો બન્ને મકાનમાં ઘુસી એક મકાનમાંથી રૂા. ૩૫ હજાર સહીત સોના ચાંદીના ગાદીના તથા બીજા મકાનમાંથી બે ઘળીયાળ સહિતની ચીજવસ્તુ ચોરી પલાયન થઈ ગયા હતા.

દરમ્યાન આના પગલે સોસાયટીના રહીશો ભયભીત થઈ ઉઠતાં તેઓએ આજે નડિયાદ પશ્ચિમ પોલીસને લેખીત રજુઆત કરી સોસાયટીમાં તસ્કરો ધોકા તેમજ પથ્થર લઈ સમયે સમયે ત્રાટકે છે. જેના પગલે રહીશોના ભયનો માહોલ ઉભો થયો છે. તેવી રજૂઆત કરી રહીશોએ સોસાયટીમાં રાત્રિ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવે તેવી માંગણી કરી છે.

# નગરાના કરુણામાના ધામે ધાર્મિક મેળો યોજાયો



આણંદ, તા.૧૨

ખંભાતના નગરા ચર્ચ ખાતે ખંભાત તાબાના લોકો માટે ધાર્મિક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ ભકતો કરુણામય માતાના દેવળમાં ભેગા મળી સરઘસમાં જોડાયા હતા.

ખંભાતથી નીકળેલ સરઘસમાં ભજનોનું રટણ કરવામાં આવ્યું હતું. આ સરઘસમાં સ્થાનિક શ્રધ્ધાળુઓ ખંભાતથી આશરે સાડા ત્રણ કિલોમીટર ચાલી નગરાના કરુણામાતા ધામે પહોંચ્યા હતા.

આ પ્રસંગે વિફા. ટેકેદારો, વિ.કા.ટોની, વિ.ફા. હેનરી, વિ.ફા. પરેશ, વિ.ફા.વિક્રમ, વિ.ફા. અમળવજ, વિ.ફા.નિલેશ અને વિ.ફા. મહેશ જોડાયા હતા.

આ ભક્તિભર્યા માહોલમાં વિ.ફા. વિનાયક જાદવનો બોધ સૌ શ્રધ્ધાળુઓ માટે પ્રભુની વધુ નજીક જવા માટે સેતુરૂપ બન્યો હતો.

આ પ્રસંગ લોકોથી ઉજવાય લોકો વડે ઉજવાય અને લોકો માટે ઉજવાય તે હેતુસર અહીંના સ્થાનિક વિ.ફા. ટોમી આયોજન કરી પેરિસ કાઉન્સિલના સભ્યોની પુરોહિત ગાન અને સાધ્વીગણને તાબાના યુવાધનનો જવાબદારી આપી કાર્યક્રમના સુકાની બનાવી ઉત્તમ ઉદાહરણ પુરું પાડી આયોજન કરવામાં આવ્યું હતું.

○ ○ ○ ○ ○ ○

# નડિયાદ પાલિકાની ઢોર પકડવા ટીમ પર પશુપાલકોનો ઘાતક હુમલો : એક કર્મચારી ઈજાગ્રસ્ત



નડિયાદ ફાયરબ્રિગેડમાં ઢોર નિયંત્રણ વિભાગમાં ફરજ બજાવી રહેલા અમીત નાથાભાઈ પટેલ ઉપર નડિયાદમાં અમદાવાદી બજાર પાસે પશુપાલકોએ હુમલો કર્યો અને રખડતી ગાયો ન પકડવા જણાવ્યું. તસવીરમાં ઘવાયેલ અમિતભાઈ ટાઉન પોલીસ સ્ટેશને. (તસવીર : રાજુ મહંત, નડિયાદ.)

(બ્યુરો) નડિયાદ, તા.૧૨

નડિયાદ નગરપાલિકાની ઢોર પકડતી ટીમ પર આજે બપોરના સમયે અમદાવાદી દરવાજા બહાર મીલ રોડ વિસ્તારના રાજકીય વગથી માથાભારે બની ગયેલ પશુપાલકોના ટોળાએ ઘાતક હુમલો કરતાં એક કર્મી ઈજાગ્રસ્ત થવાના બનાવે શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નડિયાદ શહેરના માર્ગો પર રખડતી ગાયોનો પ્રશ્ન માથાના દુઃખાવા સમાન બની ગયો છે. રસ્તા પર અડીંગો જમાવતી ગાયોના શીંગડે આવવાથી અનેક શહેરીજનો ઈજાગ્રસ્ત થવાના બનાવો પણ ઉજાગર થવા પામવાની સાથે ભૂતકાળમાં પીજ રોડ પરના રામદેવ મંદિર પાસે ભૂંરાટી બનેલ એક ગાયે દર્શન કરવા આવેલ વૃધ્ધને શીંગડે લેતાં ગંભીર ઈજાગ્રસ્ત વૃધ્ધનું મૃત્યુ નીપજ્યું હોવાનો બનાવ પણ ઉજાગર થવા પામ્યો છે.

જો કે રાજકીય ઓતને તાકાતવર બનેલ શહેરના પશુપાલકો સામે કોઈ યંત્રો લેતુ નથી. જેને લઈ માથાભારે બની ગયેલ શહેરના પશુપાલકો ફાટી ને ફે થઈ ગયા છે. કદાચ કોઈ શહેરીજન આ સમસ્યા અંગે અવાજ ઉઠાવે તો રાજકીય ઓથના પગલે માથાભારે બનેલ પશુપાલકો મારવા-મરવા તેમની સાથે ઉતરી આવે છે. જેથી શહેરના માર્ગો પર અડીંગો જમાવતી ગાયોની સમસ્યા અંગે શહેરીજનો ચુપ રહેવાનું જ મુનાસીબ માને છે.

દરમ્યાન નડિયાદ શહેરના જવાહરનગર વિસ્તારમાં મીલ રોડ વિસ્તારના પશુપાલકોની ગાયો રોજબરોજ માર્ગો પર અડીંગો જમાવતી હોવાની ફરીયાદ ઉઠવા પામી હતી.

જેના પગલે નડિયાદ નગરપાલિકાની ઢોર પકડવાની ટીમ દ્વારા બે-એક દિવસથી જવાહરનગર વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરી વિસતરના માર્ગો પર અડીંગો જમાવતી અને રખડતી ગાયો પકડી ડબ્બે પુરવાનું ટીમે શરૂ કર્યું હતું. જેના પગલે મીલ રોડ વિસ્તારના માથાભારે પશુપાલકો લાલઘૂમ થયા હતા.

દરમ્યાન નડિયાદ પાલિકાની ઢોર પકડવાની ટીમ આજે સવારના સમયે પણ જવાહરનગર વિસ્તારમાં પહોંચી ગઈ હતી. ટીમે ત્યાં રખડતી સાતેક ગાયો પકડી શહેરના અમદાવાદી દરવાજા બહાર આવેલ પાલિકાના ડબ્બામાં પુરી હતી.

જેની મીલ રોડ વિસ્તારના પશુપાલકોને ખબર પડતાં આઠેક માથાભારે પશુપાલક યુવકોનું ટોળું અમદાવાદી દરવાજા બહાર આવેલ ડબ્બા ખાતે દોડી આવ્યું હતું. બાદ માથાભારે પશુપાલકોએ ઢોર પકડવાની ટીમ સાથે ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો.

તે દરમ્યાન ઉશ્કેરાયેલ પશુપાલક ટોળાએ પાલિકાની ટીમ પર લાકડીના ડંડાથી ઘાતક હુમલો કર્યો હતો. જેના પગલે ત્યાં નાશભાગ મચી ગઈ હતી. પશુપાલકોના ટોળાએ ઢોર પકડવાની ટીમમાં કોન્ટ્રાક્ટર પર ફરજ બજાવતા અમીત નાથાભાઈ પટેલ (નડિયાદ) ને માથામાં લાકડાનો ડંડો મારતાં તે લોહીલુહાણ થયો હતો.

જેના પગલે નડિયાદ પાલિકાના ઉચ્ચ અધિકારીઓ ત્યાં દોડી આવ્યા હતા. બાદ મામલો નડિયાદ શહેર પોલીસ મથકે પહોંચતાં પોલીસે માથાભારે પશુપાલકોના ટોળા વિરુધ્ધ ફરીયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

○ ○ ○ ○ ○ ○

# રઢુમાં ઝઘડાની અદાવતમાં ચાર ભરવાડ ઈસમોએ કરેલ હુમલામાં દરબાર યુવક ગંભીર

(બ્યુરો) નડિયાદ, તા.૧૨

ખેડાના રઢુ ગામમાં ગઈકાલે સાંજના સમયે અગાઉ થયેલ ઝઘડાની અદાવતમાં ચાર ભરવાડ શખ્સોએ ધારીયું તલવાર તથા લાકડીઓથી એક દરબાર યુવક પર કરેલ હુમલામાં ગંભીર ઈજાગ્રસ્ત થયેલ યુવકને સારવાર અર્થે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહીતી અનુસાર ખેડાના રઢુ ગામના વનરાજસિંહ અજીતસિંહ રાવલને ગામના રાજુ ભીમા ભરવાડ સાથે થોડા દિવસ પૂર્વે ઝઘડો થયો હતો. જેથી અદાવત રાખી રાજુ ભીમા ભરવાડ, સંજય ગોવિંદ ભરવાડ, દિનેશ ભીમા ભરવાડ તથા ભગુ ભવાન ભરવાડે ગઈકાલે સાંજના સાત વાગ્યાના સુમારે ધારીયું લાકડી તેમજ તલવારથી વનરાજસિંહ પર હુમલો કર્યો હતો.

તે દરમ્યાન ઉશ્કેરાયેલ રાજુ ભરવાડે વનરાજસિંહના ડાબા પગના ઢીંચણ પર ધારીયાનો ઘા ઝીંકવાની સાથે દિનેશ ભીમા ભરવાડે વનરાજસિંહના જમણા પગની ઘુંટણ પર તલવારનો વાર કર્યો હતો.

જ્યારે સંજય ભરવાડે તેઓના ડાબા હાથની આંગળી પર ધારીયું ઝીંકવાની સાથે ભગુ ભરવાડે બરડામાં લાકડીની ઝાપટ મારી હતી તથા છોડાવવા વચ્ચે પડેલ વનરાજના પિતા અજીતસિંહ કહરસિંહ રાવલને ભગુ ભરવાડે ફેંટ મારી હતી.

આ દરમ્યાન સ્થાનિકો દોડી આવતાં હુમલાખોર ભરવાડ ચંડાળ ચોકડી ગાળો બોલી પિતા-પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગઈ હતી. બાદ સ્થાનિકોએ હુમલામાં ગંભીર ઈજાગ્રસ્ત થયેલ વનરાજસિંહને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ખેડા શહેર પોલીસે રાજુ ભરવાડ સહિતની ચંડાળ ચોકડી વિરુધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ધડ અને માથાના એફએસએલ રીપોર્ટમાં બન્ને અનિકેતના હોવાનું સાબીત

આણંદ, તા.૧૨

ભરોડામાં સાળાની હત્યા કરનાર બનેવી ઉપર સમાજમાં હીણતાની લાગણીતો જન્મી છે. ચકચાર મચાવનાર હત્યાકાંડમાં એફએસએલનો રીપોર્ટ પણ આવી ગયો છે. જ્યારે પોલીસે બનેલું એક્ટીવા પણ જપ્ત કર્યું હતું.

બનેલી મિનેષે રૂપીયાની લાલચમાં સંબંધોની પરવા કર્યા વિના પોતાના સગાસાળા અનિકેતનું ધારીયાનો ઝટકો મારી માથુ ધડથી જુદું કરી નાખ્યું હતું અને લાશને કેનાલમાં ફેંકી દીધી હતી. પરંતુ કાયદાના નિયત મુજબ હત્યારો કોઈને કોઈ સુરાગ મુકીને જાય છે. તેમ બનેવી મિનેષની વર્તણૂક અને ગોટાળાવાળા જવાબોથી પોલીસે લાલ આંખ કરતાં હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો હતો અને ધડ તથા માથુ પણ શોધખોળ બાદ મળી આવ્યું હતું.

પોલીસે માથા અને ધડના અવયવોને કરમસદની ક્રિષ્ણા હોસ્પીટલમાં ફોરેન્સીક રીપોર્ટ માટે મોકલી આપ્યા હતા. જેમાં ટેસ્ટ કરતાં ધડ અને માથું એક જ વ્યક્તિનું હોવાનું પુરવાર થયું હતું. અનિકેતની હત્યા બાદ પોલીસે હત્યામાં વપરાયેલ અને બનેલી મીનેષે જે એક્ટીવા ઉપર અનિકેતને બેસાડીને લઈ ગયો હતો. તે એક્ટીવા પણ મિનેષના ઘેરથી જપ્ત કર્યું હતું. હજી બે દિવસના રીમાન્ડ બાકી હોવાથી પોલીસ આકરી પુછપરછ કરીને હત્યાની કડીઓ પુરી કરવા કામગીરી કરી રહી છે.

## ભારત-નેપાળની વચ્ચે રાજદ્વારી સંબંધને ૭૦ વર્ષ પુરા થતા ઉજવણી

કાઠમાંડુ, તા.૧૨

ભારત અને નેપાળની વચ્ચે રાજદ્વારી સંબંધોના ૭૦ વર્ષ પુરા થવા પર કાઠમાંડૂમાં ઉજવણી કરવામાં આવી હતી. કાઠમાંડૂમાં ભારતીય દુતાવાસના ભારતીય સાંસ્કૃતિક કેન્દ્રમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નેપાળ આર્મી ઓડિટોરિયમમાં ભારત અને નેપાળ વચ્ચે કુટનીતિક સંબંધો અને મહા શિવરાત્રિ ઉત્સવને ધૂમધામથી મનાવવામાં આવ્યો હતો.


## બેસણું



ગામ ચાંગા (હાલ આણંદ)થી લિ. કિરણભાઈ બાબુભાઈ પટેલના જયશ્રીકૃષ્ણ. સખેદ જણાવવાનું કે અમારા માતૃશ્રી ગં.સ્વ. શારદાબેન બાબુભાઈ પટેલનું તા.૧૧/૨/૨૦૧૮ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતનું બેસણું : તા.૧૫/૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ
સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે
સ્થળ : અંબાજી મંદિર હોલ, સ્વામિનારાયણ મંદિર સામે, આણંદ

**કમલેશભાઈ (રાજુભાઈ) બાબુભાઈ પટેલ**
**રાકેશભાઈ કિરીટભાઈ પટેલ**
**ચાંગા/આણંદ**


# મહેમદાવાદમાં ત્રણ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યા

(બ્યુરો) નડિયાદ, તા.૧૨

મહેમદાવાદના ખાત્રજ રોડ પરની નવી મામલતદાર કચેરી પાછળ આવેલ રાધેકીશન બંગ્લોઝમાં ગત રાત્રિના સમયે ત્રાટકેલ તસ્કર ટોળકી એક બાદ એક એમ બંધ મકાનના દરવાજા તોળી અંદર ઘુસી હતી. બાદ તસ્કરો ત્રણ મકાનનો સરસામાન વેરવીખેર કરી ચોરી કરી રાત્રિના અંધારામાં અલોપ થઈ ગઈ હતી.

દરમ્યાન સ્થાનિક રહીશોને ઘટનાની જાણ થતાં તેઓએ આ અંગે મહેમદાવાદ પોલીસને વાકેફ કરતાં પોલીસ ત્યાં દોડી આવી હતી.

બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી. જો કે આ સંદર્ભે હજુ સુધી પોલીસ મથકે ફરીયાદ નોંધાય નથી.

# મહુધા ખાતેથી ચોરીના બાઈક સાથે રીઢા બે વાહનચોર ઝબ્બે



મહુધા ફીણાવ ભાગોળ પાસેથી ચોરીની મોટર સાયકલ નંબર જી.જે. બી.એફ. ૨૫૩૧ સાથે આરોપી અવેશ ઉર્ફે ઉર્વેશ ઉર્ફે ભુરો યુનુશભાઈ શેખ, સોહેબ યુનીશભાઈ શેખ બંને રહેવાસી અમદાવાદને બાઈક સાથે ઝડપી પાડતા એલ.સી.બી. ખેડા-નડિયાદ પોલીસ. (તસવીર : રાજુ મહંત, નડિયાદ.)

(બ્યુરો) નડિયાદ, તા.૧૨

મહુધાની ફીણાવ ભાગોળ ખાતેથી ખેડા એલસીબી પોલીસે ચોરીના બાઈક સાથે બે રીઢા બાઈક ચોરને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડા એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે મહુધાની ફીણાવ ભાગોળ ખાતે બે માસ પૂર્વે નડિયાદ શહેરમાંથી ચોરેલ બાઈક જે.બી.એફ. ૨૫૩૧ સાથે રીઢા વાહનચોર અવેશ ઉર્ફે ઉવેશ ઉર્ફે ભુરો યુનુશ શેખ (મૂળ રહે. અમદાવાદ જુહાપુરા હાલ રૂદણના મહેમદાવાદ) તથા સોહેબ યુનુસ શેખ (મૂળ રહે. અમદાવાદ ગોમતીપુર હાલ રૂદણ) ને ઝડપી પાડ્યા હતા.

બાદ પોલીસે બન્ને વાહનચોરની હાથ ધરેલ પ્રાથમિક પુછપરછમાં તેઓનો ગુનાહીત ઈતિહાલ સામે આવ્યો હતો. અવેશ ઉર્ફે ઉવેશ ઉર્ફે ભુરા અમદાવાદ દાણીલીમડા-૧, વેજલપુર-૨, વટવા-૨, માધુપુરા-૧, ગોમતીપુર-૧ ખાતે વાહનચોરીના ગુનામાં તેમજ કઠલાલ પોલીસે તેને ઘરફોડ ચોરીના ગુનામાં ઝબ્બે કર્યો હતો. જ્યારે સાહેબ પણ અમદાવાદના વેજલપુર, સરખેજ, વટવા, માધુપુરા પોલીસ સ્ટેશન ખાતે ચોરીના ગુનાઓના પોલીસના હાથે ઝડપાયો હોવાનું બહાર આવ્યું હતું. દરમ્યાન ખેડા એલ.સી.બી. પોલીસે બન્ને વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.